# ખેડબ્રહ્માના વાસણા રોડ ઉપર ભંગારીયાનું સામ્રાજ્ય

## ભંગારના મોટા ઢગલા કરી રસ્તો બંધ કર્યાની પાલિકામાં રાવ

ખેડબ્રહ્મા, તા. ૧૦



(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્માના વાસણા રોડ ઉપર ભંગારની દુકાનવાળાએ રસ્તામાં લાંબા-પહોળા વિસ્તારમાં ભંગારના ઢગલે ઢગલા કરી દબાણ કરતાં અવરજવર કરતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. નાના-મોટા અકસ્માત સર્જાવાની ભીતી સેવાઈ રહી છે. આ ભંગાર સત્વરે હટાવી લેવા અહીંના રહીશોએ પાલીકામાં રજુઆત કરી છે.

ખેડબ્રહ્મા શહેરના હાર્દ સમા વાસણા રોડ ઉપર એક ભંગારીઆએ રસ્તામાં ભંગારના ઢગલે ઢગલા કરી લોકોના નાકે દમ લાવી દીધો છે. ભંગારના ઢગલાઓને કારણે રાહદારીઓ તથા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વાસણા રોડ ઉપર ગાયત્રી-સાંઈનાથ-જલારામ-જયઅંબે તલસાવડી જેવી સોસાયટીઓ સહીત હાઈસ્કૂલ તથા છાત્રાલયો આવેલી છે. આ રોડ ઉપર વાહન વ્યવહાર પણ વધુ રહે છે. ભંગારની દુકાન આગળ ટ્રક ટેમ્પા તથા લારીઓ ઉભી હોય ત્યારે ફરજીયાત રસ્તો બંધ થઈ જતાં લોકોને અન્ય રસ્તાનો ઉપયોગ કરવો પડે છે. લોખંડના ભંગારના ઢગલાઓના કારણે સ્ત્રીઓ તથા બાળકોને ઈજા પહોંચવાના બનાવો બન્યા હોવાનું જાણવા મળે છે. પાલિકા દ્વારા મોટુ ડીવાઈડર બનાવી દેતા રસ્તો સાંકળો બની જવાથી અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. આ ભંગારના ત્રાસમાંથી છોડાવવા અહીંના રહીશોએ પાલિકામાં રજુઆત કરી છે. રસ્તામાં પડેલા વિવિધ પ્રકારના ભંગારના કારણે પર્યાવરણને પણ હાનીકારક હોવાનું પર્યાવરણવિદો જણાવી રહ્યા છે. ભંગારનો ફોટો પાડવા ગયેલા પત્રકારની મોટરસાયકલને ભંગારીયાની પત્નીએ પગેથી લાત મારી નુકશાન પહોચાડ્યુ હોવાનું જાણવા મળ્યું છે. આ ભંગારના ઢગલા સત્વરે પાલિકા દ્વારા દુર કરવામાં આવે તેવી લોકોની માગણી છે.

ખેડબ્રહ્મા પાલિકાના ચીફ ઓફીસર દર્શનસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે આ ભંગાર ત્રણ થી ચાર વખત હટાવી લેવામાં આવ્યું છે. તેમ છતાં હવે કડક કાર્યવાહી કરવામાં આવશે.



(તસવીર : મગન વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા બેઠકો પૈકી ખેડબ્રહ્માની એસ.ટી. બેઠક ઉપર ગત ચૂંટણીમાં જંગી બહુમતીથી વિજય બનેલા કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલને ટિકિટ નહીં આપવા માટે જિલ્લા કોંગ્રેસ મંત્રી રૂમાલભાઈ ધ્રાંગી અને જિલ્લા પંચાયત સદસ્ય લીલાબેન ડાભીની આગેવાની હેઠળ આ વિસ્તારના કાર્યકરોએ હિંમતનગર સહકાર હોલ ખાતે યોજાયેલ બુથ કાર્યકર સંમેલનમાં અશ્વિન કોટવાલની વિરૂદ્ધમાં બેનરો બતાવી સૂત્રોચાર કરી દેખાવો યોજી વિરોધ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રી સમક્ષ રજૂઆત કરી હતી. જોકે સામે પક્ષે ધારાસભ્ય કોટવાલના સમર્થકોએ જણાવ્યું હતું કે ધારાસભ્ય અશ્વિનભાઈની વધતી જતી લોક ચાહના કેટલાક ઉચ્ચ કોંગ્રેસના પદાધિકારીઓના પેટમાં ખુચતું હોઈ તેમને બદનામ કરવા માટેની સાજિસ હોવાનું જણાવ્યું હતું. જિલ્લામાં સાત સીટો પૈકી માત્ર ત્રણ બેઠકો કોંગ્રેસ પાસે છે અને હજુ કઈ બેઠક ઉપર કોણ ઉમેદવાર મુકાશે તે નક્કી થયું નથી તે પહેલા કોંગ્રેસમાં ખેંચતાણ શરૂ થઈ ગઈ છે.

# સમૌ ગામે ચાર શખ્સોએ જૂની અદાવત રાખી એક ખેડૂત પર તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કર્યો

માણસા, તા. ૧૦

માણસા પાસે આવેલા સમૌ ગામે બપોરે પોતાના બોરકૂવા પર હાજર એક શખ્સ પર ગામના જ ચાર શખ્સોએ જૂની અદાવત રાખી તલવાર વડે હુમલો કરી ઓરડી સળગાવી ભાગી છુટેલા હતા. જે અંગે ઈજાગ્રસ્તે માણસા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી પ્રાપ્ત માહિતી મુજબ માણસા તાલુકાના સમૌ ગામે રહેતા અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા ૪૭ વર્ષીય વિષ્ણુજી ડોસાજી ગતરોજ બપોરના સમયે તેમના ખેતરના બોરકુવા પર હાજર હતા તે ત્યારે ગામના જ બાબુજી ચાવડા, જયદિપસિંહ, લાલસિંહ અને મેહુલસિંહ નામનો ચાર શખ્સો હાથમાં ખુલ્લી તલવાર લઈ આવ્યા હતા, અને અંગત અદાવતમાં ગાળાગાળી કરવા લાગતા વિષ્ણુજીએ ગાળો બોલવાની ના પાડતા આ ચારેય શખ્સોએ ઉશ્કેરાઈ જઈ એકસંપ થઈ હુમલો કર્યો હતો. જેમાં ફરિયાદીને કાનના ભાગે તલવાર વાગી હતી. અને ગડદાપાટુનો માર મારતા ભારે હોબાળો થયો હતો. જેથી હુમલાખોરો વિષ્ણુજીના ગળામાંથી દોરો તોડી અને ઓરડી સળગાવી ખેતરનો ઉભો પાક કાપી ભાગી છૂટ્યા હતા જે બાબતે ઈજાગ્રસ્તને માણસા દવાખાને ખસેડવામાં આવ્યા હતા. બાદમાં માણસા પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં છેલ્લા બાર વર્ષમાં સરકારે માત્ર ઉદ્યોગપતિઓની જ ચિંતા કરી છે : શક્તિસિંહ ગોહિલ



(તસવીર : મગન વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠાના હિંમતનગર અને ભિલોડા વિધાનસભા મતવિસ્તારમાં બુથ કાર્યકર્તાઓને સંબોધતા ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા બાર વર્ષમાં સરકારે માત્ર માનીતા મોટા ઉદ્યોગપતિઓની ચિંતા કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી વિકાસની ભ્રામક વાતો કરીને પ્રજાને ગુમરાહ કરવાનું કામ કરી રહ્યા છે. છ કરોડની જનતા પૈકી માત્ર ૩.૫૪ લાખ લોકોને જ પાઈપલાઈનથી ગેસ મળે છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી એવું જુઠ્ઠાણું ચલાવી રહ્યા છે કે હું પાઈપલાઈનથી ગેસ આપવા માગું છું પરંતુ કેન્દ્ર સરકાર મંજુરી આપતી નથી. આ વાત સંપૂર્ણ હાસ્યાસ્પદ અને જુઠી છે. સરકારે પાઈપલાઈન દ્વારા ગેસ માટેની દરખાસ્ત કેન્દ્રમાં મોકલી જ નથી.

હિંમતનગર સહકાર હોલ ખાતે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત બુથ કાર્યકરોને સંબોધતા એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતની ભાજપ સરકાર આદિવાસીઓને જમીન પરના હક્ક આપવા માંગતી નથી જ્યારે ઉદ્યોગપતિઓને વાયબ્રન્ટ ગુજરાતના નામે મફતના ભાવે જમીન આપે છે. વધુમાં તેમને જણાવ્યું હતું કે આદિવાસી અને મહેનત કસ લોકો માટે ગુજરાત સરકારની નિતી નુકશાનકારક રહી છે. કેન્દ્ર સરકારની આદિવાસી, ગ્રામીણ, ખેડૂત, દલિત, લઘુમતી અને આમ આદમી માટેની કેન્દ્ર સરકારની યોજનાઓનો ગુજરાત સરકાર અમલ કરતી નથી. મહિલા અને બાળ વિકાસ માટે આવેલા લાખો રૂપિયા મુખ્યમંત્રી પ્રસિદ્ધ અને પ્રચાર પાછળ વેડફી રહ્યા છે. એ.આઈ.સી.સી.ના સેક્રેટરી અને સાંસદ અશોક તન્વરે જણાવ્યું હતું કે ગુજરાતે વિકાસમાં હમેશા અગ્રેસર રહ્યું છે. અને એનો યશ જો કોઈને પણ આપવો હોય તો તે ગુજરાતીઓની મહેનત અને સુઝબુઝને આપવો પડે.

હિંમતનગર અને ભિલોડા બેઠકના બુથ કાર્યકરોના સંમેલનમાં પ્રદેશ અગ્રણી નરહરી અમીન, વી.ડી. ઝાલા, મણીલાલ વાઘેલા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મહામંત્રી અશોક પટેલ, બળવંતસિંહ દેવડા, વિપુલ પટેલ, જિલ્લા યુવા પ્રમુખ નવરાજસિંહ રાઠોડ, મિડીયા કન્વિનર ફારૂક ખણસીયા, યુસુફ બચ્ચા સહિત કોંગી અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શિહોરી હાઈવે પર તૂટી ગયેલા ઢાંકણાથી ખુલ્લી પડી ગયેલી ગટરો બંધ કરાવવા માંગ

## ખુલ્લી ગટરોથી અકસ્માતોના બનાવો વધતા ગ્રામજનો રોષે ભરાયા

કાંકરેજ, તા. ૧૦

કાંકરેજ તાલુકાના શિહોરી હાઈવે ઉપર નેશનલ હાઈ-વે ઓથોરેટી દ્વારા નાંખવામાં આવેલા ગટરના ઢાંકણા નાજુક અને હલકી ગુણવત્તાવાળા હોવાથી તુટી ગયા છે અને વારંવાર અનેક નાના-મોટા અકસ્માતો સર્જાય છે. તેથી નાગરિકો ભારે રોષે ભરાયા છે અને સત્વરે હાઈવે ઓથોરેટી દ્વારા નવા ઢાંકણા નાંખવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કાંકરેજ તાલુકાના શિહોરી હાઈવે ઉપર નેશનલ હાઈવે ઓથોરેટી દ્વારા માર્ગમાં આવેલી ગટરના ઢાંકણા નાજુક અને હલકી ગુણવત્તાવાળા હોવાથી શિહોરીની સોનલ સોસાયટી તરફ જવાના માર્ગના તમામ ઢાંકણા તુટી ગયા છે. જેથી વારંવાર નાના દ્વિચક્રી વાહન ચાલકો વાહનોના ટાયર આ ગટરમાં ઘુસી જાય છે. પરિણામે ગંભીર અકસ્માત સર્જાય છે. તો ઘણી વખત કેટલાક નિર્દોષ નાગરિક મોતને પણ ભેટે છે. ત્યારે ગતરોજ આવો જ એક બનાવ બનવા પામ્યો હતો. જેમાં એક બાઈક સવાર પોતાના પરિવાર સાથે પસાર થઈ રહ્યો હતો ત્યારે આ બાઈકચાલકના બાઈકનું ટાયર ગટરમાં ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. બાદમાં અન્ય રાહદારીઓએ ઈજાગ્રસ્ત પરિવારને બહાર કાઢી સારવાર અર્થે મોકલી આપ્યા હતા અને આ માર્ગ પર વારંવાર સર્જાતા અકસ્માત મામલે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો અને હાઈવે ઓથોરેટી દ્વારા તાત્કાલિક ધોરણે તુટેલા ઢાંકણા નાંખી આપવા માંગણી કરી છે.

## વૈશ્વિક શાંતિ-સદ્‌ભાવ-સ્નેહ અને અધ્યાત્મ શક્તિઓનું કેન્દ્ર બન્યું આબુ શાંતિવન

# વિશ્વ માનવને ઈશ્વરીય કર્તવ્યની ઓળખ કરી - જીવનથી પ્રેરણા આપવા અનુરોધ કરતા ૧૦૦ દેશોના મહાનુભાવો

## ધર્મસત્તા-રાજસત્તા-વિજ્ઞાનસત્તા-ન્યાયસત્તા-સાંસ્કૃતિક સત્તા અને સર્વધર્મ સત્તાનો અનેકતામાં એકતાનો અનુભવ

આબુ, તા. ૧૦

નારી ઉત્થાનના ઘડવૈયા પિતાશ્રી બ્રહ્મા બાબાના માધ્યમ દ્વારા સ્વયંમ પરમાત્મા શિવના અવતરણ અને વિશ્વ મહા પરિવર્તનના કર્તવ્યના ૭૫ વર્ષની સંપન્નતા પ્રસંગે યોજાયેલ ભવ્ય અમૃત મહોત્સવમાં વિશ્વના ૧૦૦થી વધુ દેશોની ખ્યાતનામ હસ્તીઓએ ભાગ લઈ પોતાની ઉપસ્થિતિ માટે ધન્યતા અનુભવેલ.

બ્રહ્માકુમારીઝ મીડિયાના શશીકાન્ત ત્રિવેદીના જણાવ્યાનુસાર ૪-૧૦-૨૦૧૨ ના રોજ સંસ્થાની સમાજના વિવિધ વર્ગોની સેવા કરતા ૧૮ પ્રભાગો અને ૧૦૦ દેશોના પ્રતિનિધિઓની ચૈતન્ય ઝાંખી સાથેની શોભાયાત્રા વિશ્વના સૌથી મોટા શાંતિવન- આબુ સ્થિત ડાયમંડ હૉલ ખાતે પ્રવેશી ત્યારે ઉપસ્થિત ૧૦,૦૦૦ થી પણ વધુ મહાનુભાવોએ નાત-જાત-દેશ-વિદેશની સીમાઓ ભૂલી ઉભા થઈ તાળીઓનાં ગડગડાટ સાથે વધાવી લીધેલ. આ સન્માન સમારંભમાં નેપાળના ઉપરાષ્ટ્રપતિ પરમાનંદ ઝા - સંસ્થાના વડા દાદા જાનકીજી - લંડનના સેન્ટર ડાઈરેકટર, સિસ્ટર જયંતિ - ફિલ્મ ડાયરેકટર - સુભાષ ઘાઈ - અભિનેત્રી અને સાંસદ જયાપ્રદા અનેક વિવિધ વર્ગોના વડાઓ તથા કલાકારો ઉપસ્થિત રહેલ.

વિશાળ સ્મૃતિ ચિન્હ દાદી જાનકીજીને અર્પિત કરી સન્માનિત કરેલ.



પોતાના ઉદ્‌ઘાટન પ્રવચનમાં ઉપરાષ્ટ્રપતિએ જણાવેલ કે આજે વિશ્વ અનેક આર્થિક - સામાજિક અને પરસ્પર સ્નેહના અભાવે ઉભી થતી સમસ્યાઓથી ઘેરાયેલ છે. ત્યારે એક માત્ર આશાનું કિરણ આબુ શાંતિવનથી અનુભવાય છે. ડૉ. પરમાનંદ ઝાએ સમાજના દરેક વર્ગોને પોતાના સશક્તિકરણ માટે અધ્યાત્મતાનો માર્ગ અપનાવવા અનુરોધ કરી બ્રહ્માકુમારીઝના વિશ્વવ્યાપ્ત કાર્યને નેપાળથી લાવેલ

ઉદ્‌ઘાટન સમારોહમાં પોતાનું વકતવ્ય આપતા કેન્દ્રીય કાયદામંત્રી સલમાન ખુરશીદે જણાવેલ કે એક ઉર્જા શક્તિ જે સમગ્ર સંસારનું સંચાલન કરે છે.

તેણી કરૂણા શાંતિએ બ્રહ્માકુમારી બહેનોના માધ્યમ દ્વારા છતાં માનવીય કલ્યાણના કાર્યોમાં અનુભવાય છે. સંસારના કાર્યોમાં વ્યસ્ત માનવને અધ્યાત્મ તરફ જાગૃત કરી તેની મનોદશાને સકારાત્મક કરવાની પ્રેરણા એ ૭૫ વર્ષથી સંસ્થા કરી રહેલ છે. અહીં સર્વને માટે માનવીય ગુણોને ગ્રહણ માટે દરવાજા ખુલ્લા છે. જરૂર છે તેને ધારણ કરવાની ખુરશીદ આગળ જણાવેલ કે શાંતિવનથી માનવ સેવાના કાર્યો કરવાની ઉર્જા સૌને પ્રાપ્ય થાય છે. તેવી સંસ્થાને અનુસરવું એ હવે અનિવાર્ય થઈ પડેલ છે.

ઓકસોફોર્ડ અને હાવર્ડ યુનિવર્સિટીના ડીન ડૉ. નેવિલ હોગકીન્સને પોતાના મનનીય પ્રવચનમાં જણાવેલ કે વિશ્વભરની પ્રસિધ્ધ યુનિ. માત્ર કાગળ પર સર્ટી. ડિગ્રી આપે છે. પરંતુ બ્રહ્માકુમારી અધ્યાત્મ યુનિવર્સિટી મનોબળની વૃધ્ધિ સાથે ઈશ્વરીય જ્ઞાન-રાજયોગ દ્વારા સાચા અર્થમાં માનવ સમાજનું નવ નિર્માણ કરે છે જેના પરિણામે વિદેશોમાં પણ યુનિવર્સિટી સાથે રહી બ્રહ્માકુમારીઝની અધ્યાત્મકતા યુવા માનવમાં સકારાત્મક પરિવર્તન લાવી રહેલ છે.

પોતાના આશીર્વચન આપતા સંસ્થાના વડા ૯૬ વર્ષીય વિશ્વની સૌથી વધુ એકાગ્રતા ધરાવનાર નારીનો ખિતાબ પ્રાપ્ત ડૉ. દાદી જાનકીએ જણાવે કે ૧૯૩૬માં પિતાશ્રી બ્રહ્મા બાબાને પરમાત્મ કર્તવ્યના સાક્ષાત્કાર બાદ માત્ર ૧૫-૧૬ વર્ષની વયે ૨૫૦ બાળકીઓની બોર્ડિંગ ખોલી - ૧૪ વર્ષ વર્ષ તપસ્યા કરાવી શિવશક્તિ સમાન બનાવી વિશ્વમાં સ્વર્ણિમ સંસારની કલ્પનાને સાકાર કરવાનું બીડું નાના સંગઠને ઉઠાવેલ જેનું સાકાર સ્વરૂપ ૭૫ વર્ષ બાદ ૧૩૭ દેશોમાં ૮૬૦૦ સેવા કેન્દ્રમાં ૧૫ લાખથી વધુ બ્રહ્માકુમારી ભાઈ-બહેનો છે. જે અધ્યાત્મ સંપન્ન અને ઈશ્વરીય અવતરણનો સંદેશ વિશ્વભરમાં પહોંચાડી રહેલ છે. સમારંભમાં ૧૩૭ દેશોના મહાનુભાવો એ સંસારની સર્વશ્રેષ્ઠ સેવા બદલ દાદી જાનકીજીનું સર્વોચ્ચ બહુમાન કરેલ.

# મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે વહીવટી તંત્ર સજ્જ

હિંમતનગર, તા.૧૦

આગામી ચૂંટણી જાહેર થતાં સાથે જ ચૂંટણીનો થનગનાટ શરૂ થઈ ગયો છે. મુકત અને ન્યાયી ચૂંટણી માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આદર્શ આચાર સંહિતાના પાલન માટે તંત્ર આયોજન ગોઠવી રહ્યું છે તો ભાજપ અને કોંગ્રેસ ચૂંટણી જંગ જીતવા માટે કાર્યકરોને જાગ્રત કરવા મથામણ કરી રહ્યા છે. કોંગ્રેસ દ્વારા બુથ કાર્યકર સંમેલનો યોજાઈ રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા બેઠકોની ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે વહીવટી તંત્ર દ્વારા આગોતરૂ આયોજન થઈ રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા આચાર સંહિતાનું ચુસ્તપણે પાલન થઈ રહ્યું છે. જિલ્લાની સાત બેઠકો ઉપર ૭,૭૭,૩૫૯ પુરુષ અને ૭,૨૭,૧૮૨ સ્ત્રી મતદારો મળી કુલ ૧૫,૦૪,૫૪૧ મતદારો નોંધાયેલા છે. જે ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે રાજયમાં બે રાઉન્ડમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. જેમાં બીજા રાઉન્ડમાં સાબરકાંઠા જિલ્લાની ૭ બેઠકોની ચૂંટણી યોજાશે.

ગત વિધાનસભાની ચૂંટણીમાં આઠ બેઠકો પૈકી હિંમતનગર, ઈડર, મોડાસા, બાયડ અને પ્રાંતિજની બેઠકો ભાજપને મળી હતી જયારે કોંગ્રેસને ૩ બેઠકો મળી હતી ભાજપમાંથી ચૂંટાયેલા ૩ ધારાસભ્યોને મંત્રીપદ મળ્યા હતા. હિંમતનગરના ધારાસભ્ય પ્રફુલ પટેલને મહત્વનું ગૃહ ખાતું જયારે ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરાને શિક્ષણમંત્રીનું પદ સોપાયું હતું. જયારે પ્રાંતિજના જયસિંહ ચૌહાણને રાજય કક્ષાના શિક્ષણ મંત્રી બનાવ્યા હતા. આ વખતે સિમાંકન બદલાયા છે. એક બેઠક ઓછી થઈ છે. જેના કારણે ઉમેદવારો મુંઝવણ અનુભવી રહ્યા છે.

વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાંની સાથે જ ભાજપ કોંગ્રેસના ટીકીટ વાંચ્છુઓ ટીકીટ મેળવવા કોઈ ઉત્સાહ જોવા મળતો નથી.

જિલ્લાની સાત બેઠકો ઉપર ચૂંટણી જંગ જીતવા કોંગ્રેસ કમર કસી રહી છે. કોંગ્રેસ દ્વારા બુથ કાર્યકરોના સંમેલનોનું આયોજન થઈ રહ્યું છે. આજે બેઠક ઉપર બુથ કાર્યકર સંમેલન યોજાનાર છે. જેમાં એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદનભાઈ મિસ્ત્રી, વિરોધ પક્ષના નેતા શકિતસિંહ ગોહિલ સહિત કોંગી અગ્રણીઓ ઉપસ્થિત રહી કાર્યકરોને માર્ગદર્શન પુરું પાડશે.

## ધનસુરા કેળવણી મંડળ દ્વારા ધારાસભ્યનું સન્માન કરાયું

ધનસુરા કેળવણી મંડળ દ્વારા ધારાસભ્ય દિલિપસિંહ પરમારનો વિવિધ સેવા બદલ સન્માન સમારોહ ધનસુરા કેળવણી મંડળ, શૈક્ષણિક સંકુલના સાંસ્કૃતિક હોલમાં રાખવામાં આવ્યો હતો. ધારાસભ્યને શાલ તેમજ મોમેન્ટો આપી સન્માનીત કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેમલતાબેન પટેલે ધારાસભ્યની મતવિસ્તારની સેવાને બિરદાવી હતી. કેળવણી મંડળના વિકાસમાં સહયોગ આપવા બદલ આભાર માન્યો હતો. કાર્યક્રમમાં મંડળના પ્રમુખ જે.વી. શાહ, સરપંચ ત્રિવેણીબેન પટેલ, મંડળના ધીરૂભાઈ મહેતા, જયંતિભાઈ શાહ, શંકરભાઈ પટેલ, કારોબારી સભ્યો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અશોકભાઈ પટેલ તેમજ સ્ટાફે સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું.


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૮૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન